# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,સેક્ટર-20, ગાંધીનગર.

## "ભારત જ્ઞાન પરીક્ષા"

જાહેરનામા ક્રમાંક -ચિ.યુ.પ./૧/૨૦૨૨ તા.૦૮/૦૪/૨૦૨૨

ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ ૬ થી ૧૨ તથા DIPLOMA અને ITI માં અભ્યાસ કરતાં ૧૨ વર્ષથી ૧૮ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર આયોજીત **ભારત જ્ઞાન પરીક્ષા** ત્રણ તબક્કામાં લેવાનાર છે. પરીક્ષા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા યોજવામાં આવશે.

## ભાવિ ભારતના તેજસ્વી તારલાની શોધ

### ઉદ્દેશ –

- **ભારત જ્ઞાન** પરીક્ષાની શરૂઆત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કરે છે. આ પરીક્ષા ૬ થી ૧૨ કક્ષાના વિદ્યાર્થીઓમાં પ્રાચીન થી અર્વાચીન સમયનું જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી લેવામાં આવે છે. આ કાર્યક્રમ રાજ્યવ્યાપી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીની પ્રતિભા ઓળખ અને તેને પ્રશિક્ષિત કરવાનો છે.
- આ પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓમાં ભારતના આધ્યાત્મિક જ્ઞાન, સુદ્દઢ બુદ્ધિમતા અને અખૂટ સર્જનાત્મકતા પ્રતિબિંબિત થાય તેવી નવતર પ્રણાલીઓ દાખલ કરવાનો છે.
- યુનિવર્સિટી દ્વારા બાળકેન્દ્રિય સર્વાંગીણ તત્વમીમાંસાનો પરિચય, ભારતીય સંસ્કૃતિ, ભારતીય રાષ્ટ્રવાદ અને આંતરરાષ્ટ્રવાદના આદર્શો પ્રત્યે વધુ પ્રતિભાશીલ બનાવવાનો છે અને તેને સમૃદ્ધ કરવા માટેના પ્રયત્નો વિદ્યમાન શિક્ષણ પદ્ધતિને પૂરક

અથવા વૈકલ્પિક બને તેવી નવી શિક્ષણ પદ્ધતિનો વિકાસ કરી કમ્પ્યુટર પદ્ધતિ દ્વારા પરીક્ષા લઇ વિદ્યાર્થીઓનાં માનસમાંથી પરીક્ષાનો ભય દૂર કરવાનો છે .

- સ્મૃતિ કસોટીના સ્થાને ગ્રહણ કસોટી દાખલ કરી પરીક્ષણ સેવાઓની નવી પ્રણાલી ઉભી કરવાની આવશ્યકતામાં સહાયતા કરવાનો હેતુ છે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો http://quiz.cugujarat.ac.in વેબસાઇટ પર તા.૧૦/૦૪/૨૦૨૨ થી તા. ૨૬/૦૬/૨૦૨૨ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.

**પરીક્ષાનો કાર્યક્રમ –**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૨ |
| ૨ | અભ્યાસક્રમ તથા સ્ટડી મટીરીયલ અપલોડ તારીખ | ૦૯/૦૪/૨૦૨૨ |
| 3 | વેબસાઇટ પર પરીક્ષા માટેની ઓનલાઈન અરજી તથા ફી ભરવાનો સમયગાળો | ૧૦/૦૪/૨૦૨૨ સવારે 11:00 થી ૨૬/૦૬/૨૦૨૨ સાંજે 5:00 સુધી |
| ૪ | પરીક્ષા ફી | ૫૦/- રૂપિયા |
| ૫ | પરીક્ષા તારીખ - સત્યમ | ૧૫ જુલાઇ, ૨૦૨૨ |
| ૬ | પરીક્ષા તારીખ - શિવમ | ૧૬ જુલાઇ,૨૦૨૨ |
| ૭ | પરીક્ષા તારીખ - સુંદરમ્ | ૧૫ જુલાઇ, ૨૦૨૨ રાત્રે ૧૨:૦૦ થી ૨૦ જુલાઇ, ૨૦૨૨ રાત્રે ૧૨:૦૦ સુધી |
| | પરિણામની ઘોષણા | ૨૫ જુલાઇ, ૨૦૨૨ |

## નોંધણી માર્ગદર્શિકા:

- રજીસ્ટ્રેશન દીઠ માત્ર એક જ મોબાઈલ નંબરનો ઉપયોગ કરો.
- નોંધણી ફોર્મ સબમિટ કરતા પહેલા, તમારે ખાતરી કરવી આવશ્યક છે કે તમે આપેલ મોબાઇલ નંબર અને ઇ-મેઇલ એડ્રેસ સાચું છે.
- નોંધણી ફોર્મ સબમિટ કર્યા પછી, તમને તમારા ઈ-મેલ એડ્રેસ પર પરીક્ષા પોર્ટલના લોગીનની માહિતી પ્રાપ્ત થશે.

### (૧) વિદ્યાર્થીની લાયકાત -

ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ ૬ થી ૧૨માં તથા ડિપ્લોમા અને ITI માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ જે ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી શાળા, ગ્રાન્ટેડ શાળા, ખાનગી શાળા, લોકલ બોડી શાળા અથવા કોઇપણ માન્ય સંસ્થામાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ નીચેના કોઠા અનુસાર ધોરણમાં પ્રવેશ મેળવેલ આ પરીક્ષાઓ આપી શકશે.

### પરીક્ષાની લાયકાત -

| | |
|---|---|
| પ્રથમ સત્યમ - | ધોરણ ૬ થી ૧૨ તથા ડિપ્લોમા અને ITI |
| દ્વિતીય શિવમ - | ધોરણ ૯ થી ૧૨ તથા ડિપ્લોમા અને ITI |
| તૃતીય સુંદરમ્ - | ધોરણ ૧૦ થી ૧૨ તથા ડિપ્લોમા અને ITI |

## પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ –

- કસોટીનું માળખું -

  પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે.

  આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multi Choice Question Based MCQs) રહેશે.

- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.

  આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહીં.

**પ્રશ્નપત્રનો ઢાંચો**

| ક્રમ | કસોટીનો પ્રકાર | સમય | પ્રશ્ન | ગુણ | ઉત્તીર્ણ ગુણ |
|---|---|---|---|---|---|
| ૧ | સત્યમ | ૯૦ મિનિટ | ૧૦૦ (MCQ) | ૧૦૦ | ૫૦ |
| ૨ | શિવમ | ૯૦ મિનિટ | ૧૦૦ (MCQ) | ૧૦૦ | ૫૦ |
| ૩ | સુંદરમ | ૬ દિવસ | ૧૦૦ (MCQ) | ૧૦૦ | ૫૦ |

- **પરીક્ષાનું માળખૂ :**

| 1 | પ્રશ્ન | | | |
|---|---|---|---|---|
| | a | | b | |
| | c | | d | |

| | | | | |
|---|---|---|---|---|
| 2 | પ્રશ્ન | | | |
| | a | | b | |
| | c | | d | |
| 3 | પ્રશ્ન | | | |
| | a | | b | |
| | c | | d | |

## પરીક્ષા માર્ગદર્શિકા:

- તમામ પરીક્ષાઓ સંપૂર્ણપણે ઓનલાઈન હશે.
- સહભાગીઓ તેમના ઈ-મેલ એડ્રેસ પર મળેલા લોગીન માહિતીથી જ ઓનલાઈન પરીક્ષા આપી શકશે.
- તમામ સહભાગીઓને પરીક્ષાનું પ્રમાણપત્ર મળશે.
- 50 થી વધુ સ્કોર ધરાવતા વિદ્યાર્થીને પાસ થવાનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- 50 કરતા ઓછા સ્કોર ધરાવતા વિદ્યાર્થીને પ્રયાસનું પ્રમાણપત્ર મળશે.
- પરીક્ષા પૂર્ણ થયા પછી સહભાગીઓ www.cugujarat.ac.in પરથી તેમનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકે છે.
- પરીક્ષાના નિયમો તથા નિર્ણયમાં ફેરફાર કરવાની તમામ સત્તા ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી પાસે રહેશે. ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે.

## પરીક્ષા ફી -

- **વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા. ૫૦/- રહેશે.**
- **કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામાં આવશે નહિ.**

**પરીક્ષા વિષય :**

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | ભાષા અને સાહિત્ય |
| ૨ | ભારતીય ભૂગોળ અને પર્યાવરણ |
| ૩ | ભારતીય સંસ્કૃતિ અને કલાઓ |
| ૪ | ભારતીય ગણિત પ્રાચીન અને અર્વાચીન |
| ૫ | આપણો ઇતિહાસ અને સભ્યતા |
| ૬ | ભારતની મહાન વિભૂતિઓ અને ઋષિમુનીઓ |
| ૭ | નાગરીકશાસ્ત્ર અને બંધારણ |
| ૮ | વિજ્ઞાન અને ટેક્નોલૉજી પ્રાચીન અને અર્વાચીન |
| ૯ | ખેલકૂદ-રમત-યોગ |
| ૧૦ | વર્તમાન પ્રવાહ (જે તે સમયનું ધ્યાને લેવાશે) |

# ‘સત્યમ’ પ્રશ્નપત્રનું સ્વરૂપ

**અભ્યાસક્રમ -** ૧૩૫૦ પ્રશ્નો (વર્તમાન પ્રવાહ સિવાયના) જવાબ સાથે આપેલ હશે. (PDF વેબસાઈટની લિન્ક http://quiz.cugujarat.ac.in પરથી ડાઉનલોડ કરવાની રહેશે.)

**મટીરીયલમાં પ્રશ્નોની સંખ્યા :- ૧૩૫૦**

કુલ ગુણ: **– 100**

**કુલ પ્રશ્નોની સંખ્યા :– ૧૦૦**

**કુલ સમય:- ૯૦ મિનિટ**

**પ્રશ્નના પ્રકાર:- બહુવિકલ્પ પ્રશ્નો**

**પરીક્ષા પદ્ધતિ :- Online - MCQ**

**પ્રવેશ પાત્રતા :- ધોરણ- ૬ થી ૧૨ તથા ડિપ્લોમા અને ITI**

- **ઉત્તીર્ણ ગુણ:- ૫૦ (૫૦ ટકા** કરતાં વધારે ગુણ મેળવનારને **ઉતિર્ણ પ્રમાણપત્ર એનાયત** કરવામાં **આવશે.** બાકીનાં **વિદ્યાર્થીઓને** પરિક્ષામાં ભાગ લીધાનું **(Attempt Cert.) પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.)**
- સરખા ગુણ પ્રાપ્ત કરનારનો લઘુતમ સમય ધ્યાને લેવાશે અને તેમાંથી જ જિલ્લાસ્તરે પસંદગી થશે.

**દરેક જીલ્લામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી શિબિરમાં નિ:શૂલ્ક પ્રવેશપાત્ર થશે.**

**પરીક્ષા વિષય**

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | ભાષા અને સાહિત્ય |
| ૨ | ભારતીય ભૂગોળ અને પર્યાવરણ |
| ૩ | ભારતીય સંસ્કૃતિ અને કલાઓ |
| ૪ | ભારતીય ગણિત પ્રાચીન અને અર્વાચીન |
| ૫ | આપણો ઇતિહાસ અને સભ્યતા |
| ૬ | ભારતની મહાન વિભૂતિઓ અને ઋષિમુનીઓ |
| ૭ | નાગરીક શાસ્ત્ર અને બંધારણ |
| ૮ | વિજ્ઞાન અને ટેક્નોલૉજી પ્રાચીન અને અર્વાચીન |
| ૯ | ખેલકૂદ–રમત-યોગ |
| ૧૦. | વર્તમાન પ્રવાહ (જે તે વખતનું ધ્યાને લેવાશે) |

# ‘શિવમ’ પ્રશ્નપત્રનું સ્વરૂપ

**અભ્યાસક્રમ -** લેખકો દ્વારા તૈયાર કરાયેલ ૧૩૫ ફકરાઓ (વર્તમાન પ્રવાહ સિવાયના) (PDF વેબસાઈટની લિન્ક http://quiz.cugujarat.ac.in પરથી ડાઉનલોડ કરવાની રહેશે.)

**કુલ ફકરાની સંખ્યા :– ૧૩૫**

**કુલ ગુણ:- 100**

**કુલ પ્રશ્નોની સંખ્યા :- ૧૦૦**

**કુલ સમય:-૯૦ મિનિટ**

**પ્રશ્નના પ્રકાર:- બહુવિકલ્પ પ્રશ્નો**

**પરીક્ષા પદ્ધતિ :- Online - MCQ**

**પ્રવેશ પાત્રતા :- ધોરણ- ૯ થી ૧૨ તથા ડિપ્લોમા અને ITI**

**ઉત્તીર્ણ ગુણ:- ૫૦ (૫૦ ટકા કરતાં વધારે ગુણ મેળવનારને ઉતિર્ણ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. બાકીનાં વિદ્યાર્થીઓને પરિક્ષામાં ભાગ લીધાનું (Attempt Cert.) પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.)**

- સરખા ગુણ પ્રાપ્ત કરનારનો લઘુતમ સમય ધ્યાને લેવાશે અને તેમાંથી જ જિલ્લાસ્તરે પસંદગી થશે.
- **દરેક જીલ્લામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી શિબિરમાં નિ:શૂલ્ક પ્રવેશપાત્ર થશે.**

**પરીક્ષા વિષય**

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | ભાષા અને સાહિત્ય |
| ૨ | ભારતીય ભૂગોળ અને પર્યાવરણ |
| ૩ | ભારતીય સંસ્કૃતિ અને કલાઓ |
| ૪ | ભારતીય ગણિત પ્રાચીન અને અર્વાચીન |
| ૫ | આપણો ઇતિહાસ અને સભ્યતા |
| ૬ | ભારતની મહાન વિભૂતિઓ અને ઋષિમુનીઓ |
| ૭ | નાગરીક શાસ્ત્ર અને બંધારણ |
| ૮ | વિજ્ઞાન અને ટેક્નોલૉજી પ્રાચીન અને અર્વાચીન |
| ૯ | ખેલકૂદ–રમત-યોગ |
| ૧૦ | વર્તમાન પ્રવાહ (જે તે વખતનું ધ્યાને લેવાશે) |

# ‘સુંદરમ’ પ્રશ્નપત્રનું સ્વરૂપ

**અભ્યાસક્રમ** - યુનિવર્સિટી દ્વારા પસંદ કરેલ ૦૯ વિષયો નું સ્ટડી મટીરિયલ (વર્તમાન પ્રવાહ સિવાયનું) વેબસાઇટ ની લિન્ક http://quiz.cugujarat.ac.in પરથી લાઉનલોડ કરવાનું રહેશે.)

**સંદર્ભ વિષયોની સંખ્યા:-** ૦૯

કુલ ગુણ: **– 100**

કુલ સમય:- ૦૫ દિવસ

**પ્રશ્નના પ્રકાર:- બહુવિકલ્પ પ્રશ્નો**

**પરીક્ષા પદ્ધતિ :- Online - MCQ**

**પ્રવેશ પાત્રતા :- ૧૦ થી ૧૨ તથા ડિપ્લોમા અને ITI**

**ઉત્તીર્ણ ગુણ:- ૫૦ (૫૦ ટકા કરતાં વધારે ગુણ મેળવનારને ઉતિર્ણ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. બાકીનાં વિદ્યાર્થીઓને પરિક્ષામાં ભાગ લીધાનું (Attempt Cert.) પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.)**

- સરખા ગુણ પ્રાપ્ત કરનારનો લઘુતમ સમય ધ્યાને લેવાશે અને તેમાંથી જ જિલ્લાસ્તરે પસંદગી થશે.
- **દરેક જીલ્લામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી શિબિરમાં નિ:શૂલ્ક પ્રવેશપાત્ર થશે.**

**પરીક્ષા વિષય**

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | ભાષા અને સાહિત્ય |
| ૨ | ભારતીય ભૂગોળ અને પર્યાવરણ |
| ૩ | ભારતીય સંસ્કૃતિ અને કલાઓ |
| ૪ | ભારતીય ગણિત પ્રાચીન અને અર્વાચીન |
| ૫ | આપણો ઇતિહાસ અને સભ્યતા |
| ૬ | ભારતની મહાન વિભૂતિઓ અને ઋષિમુનીઓ |
| ૭ | નાગરીક શાસ્ત્ર અને બંધારણ |
| ૮ | વિજ્ઞાન અને ટેક્નોલૉજી પ્રાચીન અને અર્વાચીન |
| ૯ | ખેલકૂદ–રમત-યોગ |
| ૧૦ | વર્તમાન પ્રવાહ (જે તે વખતનું ધ્યાને લેવાશે) |

## વિજેતાઓની માર્ગદર્શિકા:

- સમગ્ર ગુજરાતમાં (33 જિલ્લાઓ)માંથી કુલ 99 વિજેતા જાહેર કરવામાં આવશે.
- દરેક જિલ્લામાંથી 3 વિજેતાઓ (દરેક શ્રેણીમાંથી એક) જાહેર કરવામાં આવશે.
- વિજેતાઓએ કેમ્પ સમયે અસલ છેલ્લી માર્કશીટ, શાળાનું આઈ-કાર્ડ અને એક ફોટો ઓળખ પુરાવો રજૂ કરવાનો રહેશે.
- સૌથી વધુ સ્કોર ધરાવતા વિદ્યાર્થીને વિજેતા તરીકે પસંદ કરવામાં આવશે.
- ટાઇ (સમાન ગુણ)ના કિસ્સામાં જે વિદ્યાર્થીએ લઘુત્તમ સમય સાથે પરીક્ષા પૂર્ણ કરી છે તેને વિજેતા ગણવામાં આવશે.

## વ્યક્તિત્વ સંવર્ધન શિબિર (Personality Enrichment Camp)

**ઉદ્દેશ્ય:**

- વિદ્યાર્થીઓમાં દિવ્યસંગીત, દિવ્ય વન્ય જીવન અને પ્રકૃત્તિના સૌંદર્યની સ્તુતિ માટે તેમજ વૈજ્ઞાનિક વાસ્તવિકવાદના સમન્વય થકી સર્જનાત્મક શક્તિને ઉદ્દીપન કરવા માટે વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વ વિકાસ શિબિર દ્વારા ચારિત્રયના શ્રેષ્ઠ કોટિના ગુણો તેમજ મૂલ્યલક્ષી અને કૌશલ્યલક્ષી ગુણોનો વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં વ્યવહારિક અને ક્રિયાશીલ જ્ઞાનનો સમન્વય, પરિસ્થિતિને આધારે સમસ્યાનું સમાધાન, ભૌગોલિક જ્ઞાન અને સાંસ્કૃતિક મૂલ્યો દ્વારા સમરસતા કેળવવી, વિદ્યાર્થીઓમાંની અભિવ્યક્તિ, ઉત્તમ તજ્જ્ઞોનો લાભ આપી તેના જીવનને આનંદમય બનાવવાનો છે.
- દરેક વિદ્યાર્થી ના ગુણાત્મક વિકાસ માટેનો મુખ્ય ઉદેશ્ય છે.
- પ્રત્યેક જિલ્લામાંથી પ્રથમ ક્રમાંકે આવનાર ‘સત્યમ’, ‘શિવમ, ‘સુંદરમ’ના વિદ્યાર્થીઓને ત્રિદિવસીય (૪ દિવસ - ૩ રાત્રી) શિબિર માટે પસંદ કરવામાં આવશે. શિબિર ગુજરાત રાજ્યના કોઇપણ સ્થળે આયોજિત કરવામાં આવશે.

- **વ્યક્તિત્વ સંવર્ધન શિબિર** નિઃશુલ્ક રહેશે.
- **શિબિરનો સંપૂર્ણ ખર્ચ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કરશે તથા શિબિરમાં આવવા-જવાનું રેલ્વે અથવા બસનું સેકન્ડ ક્લાસનું ભાડું ટિકિટ રજૂ કર્યે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.**

## શિબિરના વિષયો :

શિબિરમાં યોગ, દેશી રમતો-રમતગમત, વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ઉપયોગ, પ્રત્યાયન, સોફ્ટ સ્કીલ, હાર્ડ સ્કીલ, થીંકીંગ સ્કીલ, વાર્તાલાપ, પ્રવાસ-મુલાકાત, વ્યક્તિ પરિચય-મુલાકાત, પર્યવેક્ષણ અને વિશ્લેષણ, નભોદર્શન, પર્વતારોહણ, ભારતદર્શન,સાંસ્કૃતિક કાર્યક્રમ, અનૌપચારિક કાર્યક્રમ, મોટીવેશનલ સ્પીચ, વકતૃત્વકલા સ્પર્ધા, નાટ્ય અભિનય વગેરે આવરી લેવામાં આવશે.

- સ્થાન, સમય અને શિબિરને લગતી સૂચનાઓ અલગથી વેબસાઇટ (http://quiz.cugujarat.ac.in) પર મુકવામાં આવશે. જેના માટે વિદ્યાર્થીએ સમયાંતરે વેબસાઇટ જોતી રહેવી.

## શિબિર માર્ગદર્શિકા:

- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા નક્કી કર્યા મુજબ ગુજરાતના પ્રાકૃતિક સ્થળના રિસોર્ટમાં 3 રાત્રી અને 4 દિવસના કેમ્પનું આયોજન કરવામાં આવશે.
- વિજેતાઓએ સરકારી સૂચના મુજબ તમામ માર્ગદર્શિકા અને SOP નું પાલન કરવું પડશે.

## ઓનલાઇન અરજી કરવાની રીત -

આ જાહેરાતના સંદર્ભમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. https://quiz.cugujarat.ac.in પર અરજીપત્રક ભરી શકાશે. અરજી કરવા અને નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક કન્ફર્મ કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ https://quiz.cugujarat.ac.in પર જવું.
- SignUp પર click કરવું
- SignUp પર Click કરવાથી એપ્લીકેશન ફોર્મેટ દેખાશે. એપ્લીકેશન ફોર્મેટમાં માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.
- હવે સેવ પર કલીક કરવાથી તમારો ડેટા સેવ થશે.
- ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા "ATM CARD/NET BANKING" થી પરીક્ષા ફી ભરી શકશે. ત્યારબાદ "Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of fee" અથવા "Other Payment Mode"ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું સ્ક્રીન પર લખાયેલું આવશે અને ઇ-રીસીપ્ટ મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો સ્ક્રિન પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

ઓનલાઇન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ૨૪ કલાકમાં ઇ-રીસીપ્ટ જનરેટ ન થઇ હોય તો તાત્કાલિક ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઈમેલ એડ્રેસ bgpcu.2022@gmail.com પર સંપર્ક કરવાનો રહેશે.

- ત્યારબાદ તમારું ઈમેલ ID ચેક કરવું. ઈમેલ દ્વારા લૉગિન ID અને પાસવર્ડ મળશે.
- લૉગિન ID અને પાસવર્ડની મદદથી વિદ્યાર્થી લૉગિન કરી પોતાની માહિતી જોઈ શકશે તેમજ પરીક્ષા આપી શકશે.